જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૮/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૨૩/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૮૭૩૧ | ૯૬ | ૬૮૮૨૭ | ૬૯૫૯૭ | ૧૦૩ | ૬૯૭૦૦ |
| | કુલ | ૮૫૨૦૭ | ૯૬ | ૮૫૩૦૩ | ૯૩૯૮૭ | ૧૦૩ | ૯૪૦૯૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૦ | ૩,૫૮,૨૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૨૨ | ૧૦,૨૨,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૦,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૬/૨૦૨૧**

**પાલડીઃ** મીરલ નૈમીશ શાહ (ઉ.વ.૩૨) (રહે. ચિત્ર જયોત ફ્લેટ જૈન મરચન્ટ પાલડી) એ તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ મીરલ શાહના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૫૦,૪૦૦/- અજાણી વ્યક્તિએ ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

**દરિયાપુરઃ** અંકુરભાઇ પ્રકાશભાઇ પંચાલ (ઉ.વ.૪૦) (રહે. છ ઘરનો ખાંચો રૂપાપરીની પોળ દરિયાપુર) એ તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ દરિયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અંકુરભાઇ પંચાલે ક્રેડીટ કાર્ડ કઢાવ્યુ ત્યારે સ્કીમમાં એમેઝોન કંપનીના વાઉચર તેમજ હેન્ડફ્રી મળવાના હતા, જે આવેલ ન હતા. તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૬૭૬૭૭૫૯૦૨ ના ધારકે અંકુરભાઈને ફોન કરી વાઉચર તથા ગિફ્ટ મળવા બાબતે જણાવતા અંકુરભાઈએ વાઉચર કે ગિફ્ટ નહી મળ્યા હોવાનુ જણાવતા તેઓએ જનાવેલ કે તમારૂ ઈ મેઈલ આઈડી ખોટુ અપડેટ થયેલ છે જે ફરી અપડેટ કરવુ પડશે ત્યારબાદ તમારા વાઉચર અને ગિફ્ટ આવી જશે. તેમ કહી અંકુરભાઈ પંચાલના ઈમેઈલ આઈડી અપડેટની પ્રોસેસ કરાવી અંકુરભાઈના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર મેળવી લઈ ઓનલાઈન રૂપિયા ૭૭,૯૧૦/- ટ્રાંજેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એ.વળવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૭/૨૦૨૧**

**રિવરફ્રંટ વેસ્ટઃ** તુષાર રમેશભાઇ ભાસ્કર (રહે. બળદેવનગર સોસાયટી ભાલેશ્વર સોસાયટી સામે ૧૩૨ ફુટ રીંગ રોડ જીવરાજપાર્ક વેજલપુર) એ તા.૨૧/૦૮/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગે રિવરફ્રંટ પશ્ચિમ તરફના ભાગે વિશ્વકુંજ નજીક સ્પોટ કોમ્પલેક્ષ સામે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ તુષાર ભાસ્કરે રિવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૨૮/૨૦૨૧</u>**

**વાસણાઃ** પંકજભાઇ મહેન્દ્રભાઇ દવે (ઉ.વ.૬૮) (રહે. સહજ શોલેરીયામ-ર તુલસી પાર્ક વ્યુની બાજુમાં નવા વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૧ કલાક ૨૪/૦૦ વાગ્યા પહેલા શાસ્ત્રી બ્રીજ ઉપર પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિપુલભાઇ બનાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** જીજ્ઞાશાબહેન હિતેષભાઇ ભાવસાર (ઉ.વ.૪૯) (રહે. કૃષ્ણ જયોત ફ્લેટ ચમક ચૂના સામે પ્રતિક શાક માર્કેટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

**શાહીબાગઃ** દિપકભાઇ મહેન્દ્રભાઇ ગજ્જર (ઉ.વ.૨૨) (રહે. બ્લોક નંબર-૧૬ જુની પટેલ સોસાયટી મોહન સિનેમા ચાર રસ્તા પાસે અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રદિપસિહ શિવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી